# ગુજરાત યુનિવર્સિટી

## એક્સ્ટર્નલ પરીક્ષા, મે/જૂન-૨૦૧૨

ગુજરાત યુનિવર્સિટી દ્વારા મે/જૂન-૨૦૧૨માં લેવાનારી સેમેસ્ટર-૧ની એક્સ્ટર્નલ પરીક્ષામાં બેસવા ઇચ્છતા વિદ્યાર્થીઓને નોંધણી કરવા માટેનું આવેદન પત્ર તા.૯-૧-૨૦૧૨થી કામકાજના દિવસે ૧૧.૩૦ થી ૧૭.૦૦ વાગ્યા દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોર, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરીની પાછળ, યુનિવર્સિટી કેમ્પસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ખાતેથી મળી શકશે. ટપાલથી મંગાવનારને આવેદન પત્રની કિંમત + પોસ્ટનો ચાર્જ રૂ.૨૦/- સાથેનો ડિમાન્ડ ડ્રાફ્ટ કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯ના નામનો મોકલવાથી, અરજીપત્રક સહિતનું માહિતીપત્રક મોકલી આપવામાં આવશે. ચેક, મનીઓર્ડર અને પોસ્ટલ ઓર્ડર સ્વીકારવામાં આવશે નહીં.

આવેદનપત્રો અંગે નીચે દર્શાવેલ કોઠામાં માહિતી આપેલ છે. તે મુજબ અનુસરવાનું રહેશે. કામકાજના દિવસ દરમ્યાન ૧૧.૩૦ થી બપોરના ૧૬.૦૦ સુધી રિસેષ સિવાયના સમય દરમ્યાન ભરેલાં આવેદનપત્રો ગુજરાત યુનિવર્સિટીના ઇન્ફોર્મેશન સેન્ટર ખાતે ચેક થયા પછી યુનિવર્સિટીના કેશ કાઉન્ટર પર નિયત ફી ભર્યા બાદ ઇન્ફોર્મેશન સેન્ટર ખાતે પરત સ્વીકારવામાં આવશે. **ભરેલ આવેદન પત્રો સ્વીકારવાની છેલ્લી તા.૦૮-૦૨-૨૦૧૨ છે.**

| ક્રમ નં. | અભ્યાસક્રમ | આવેદન પત્ર ફી | આવેદન પત્ર સાથે ભરવાની નિયત ફી |
|---|---|---|---|
| ૧ | પ્રથમ વર્ષ બીએ, સેમેસ્ટર-૧ | રૂ. ૫૦/- | રૂ. ૭૦૦/- |
| ૨ | પ્રથમ વર્ષ બીકોમ, સેમેસ્ટર-૧ | રૂ. ૫૦/- | રૂ. ૭૦૦/- |
| ૩ | એમકોમ પાર્ટ-૧, સેમેસ્ટર-૧ | રૂ. ૩૦/- | રૂ. ૯૦૦/- |
| ૪ | એમએ પાર્ટ-૧, સેમેસ્ટર-૧ | રૂ. ૩૦/- | રૂ. ૯૦૦/- |

કા. કુલસચિવ